**રાજકોટના મહે. ૬ઠ્ઠા અધિક જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં, રાજકોટ**

---

**ફોજદારી કેસ નં. ૬૭૫/૨૦૨૬**

શ્રી સરકાર :::::::::::ફરિયાદી

<u>વિ રૂ ઘ્ધ</u>

ભીમજીભાઈ કલ્યાણજીભાઈ મુંજારીયા ::::::::::::: આરોપી

**ગુનો : પ્રોહીબીશનની કલમ –૬૬(૧)(બી) મુજબ**

<u>**કબુલાત ઠરાવ**</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યાર બાદ, આરોપીને સમન્સ કાઢતાં આરોપી હાજર થયેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે આપેલ તે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વૈચ્છિકરીતે અને રાજીખુશીથી કોઈપણ જાતના દબાણ વગર ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતો અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આમ, આરોપી આ તબકકે ગુનો કબુલ કરવા બંધાયેલો નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સવૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવે છે.

(૩) આરોપી સામે બોમ્બે પ્રોહી ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું તહોમત છે. તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ઘ્યાને લેતાં આરોપી ગરીબ/ મઘ્યમવર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને કારણે ગુન્હો કરવા અંગેનો અફસોસ વ્યકત કરે છે. અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. તેમજ તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ મજુરી કરી પોતાનુ ગુજરાન ચલાવે છે.આમ, જો સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભાભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.

(૪) નામ. ગુજરાત હાઈકોટે ક્રિ.મીસ્ડ એપ્લી.નં.૮૮૯૨/૨૦૧૮ ના તા.૦૫/૦૫/૧૮ના જયંતિભાઈ મકનાભાઈ ડામોર વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નવા સુધારેલ પ્રોહીબીશન એકટ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને હોવાનું ઠરાવેલ છે. વધુમાં નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.

૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણે હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાના પાન નં. ૭૨૧ ઉપર પેરા–(૨૧) માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે.જેથી આરોપીની સ્થિતિ અને સંજોગો ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનુ છું, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના આખરી હુકમ ફરમાવું છું.

**<u>::– હુકમ –::</u>**

આ કામના આરોપીનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે **પ્રોહી. ધારાની કલમ–૬૬(૧)(બી)** મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા **<u>રૂા. ૨૦૦/– (અંકે રૂપીયા બસો પૂરા)</u>** નો દંડ કરવામાં આવે છે

જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો આ ગુન્હામાં દિ–૨(બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: રાજકોટ.
તા.૧૪/૦૩/૨૦૨૬

(એલ.આઈ.ભાટી)
૬ઠ્ઠા એડી. જયુડી.મેજી.ફ.ક.,
રાજકોટ.
કોડ નં. જી. જે. ૦૧૬૫૬

**ફોજદારી દંડની રકમ રૂા. ૨૦૦/–** (અંકે રૂપિયા બસો પુરા)
દંડ ની પહોંચ નં..................... તા.૧૪/૦૩/૨૬ થી
વસુલ લીધી.

**નાઝર**
**ચીફ જયુ.મેજી., રાજકોટ.**